## આંક.૦૧ લગત હુકમ

(૧) આ કામે ફરિયાદીએ આ કામના તહોમતદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૬ મુજબના ગુન્હાની ફરિયાદ કરેલ છે. આ કામે ફરિયાદની હકીકત ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે,

'૧. અમો ફરીયાદી પોરબંદર મુકામે વકીલાતનો વ્યવસાય કરીએ છીએ અને તે સંજોયોમાં તે રીતે અમો પોરબંદર જીલ્લામાં વકીલ તરીકેની પ્રતિષ્ઠા ધરાવીએ છીએ.

૨. અમો ફીરયાદીએ દલીત સમાજને તેના હકકો મળે તે માટેની અરજી તા. ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ મહે. જીલ્લા કલેકટર સાહેબ પોરબંદરને આપેલી હતી. અને તે અરજીમાં અમારી સાથે અન્ય અરજદાર તરીકે વૃજલાલ પી. સાદીયા, રહે. આદિત્યાણા વાળાએ પણ સહી કરેલી હતી. અને તે અરજીમાં અમારા દ્વારા વણકર સમાજની માલીકીની જગ્યાઓ તેમજ વણકર સમાજને ફાયદાકારક હોય તેવી હકિકતો સબંધે કાર્યવાહી કરવા માંગણી કરેલી હતી.

૩. ઉપરોકત અમોએ આપેલ અરજી તહોમતદારના તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ આપેલી અરજી કે જેના સમાચાર સંદેશ દૈનિકમાં તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ થયેલ અને તેને અનુસંધાને અમારા સમાજને થયેલ અન્યાય બાબતે યોગ્ય કાર્યવાહી થાય અને અમારા સમાજની જગ્યાઓ કે જેનુ દબાણ થયેલુ હોય તેમજ જે ગેરકાયદેસર કાર્યવાહી છે તે દુર કરવાની તહોમતદારની અરજી અનુસંધાને અમારા દ્વારા ઉપરોકત અરજી નામ. કલેકટર સાહેબને આપવામાં આવેલી હતી. અને તે અમારી અરજીમાં અમોએ કોઈપણ વ્યકિતનું નામ લખાવેલ નથી. અને માત્ર અમારા સમાજની જે જગ્યાઓ તેમજ અન્ય સુરાપુરા, હોળી ચકલો વિગેરે ધાર્મિક સ્થળ ઉપર દબાણ થયેલ છે જેની કાયદેસરની કાર્યવાહી કરાવવા અરજી આપેલ હતી. અને તે રીતે કોઈનુ નામ આપવામાં આવેલ ન હતુ. અને જુદી જુદી જગ્વયાઓ પરત્વે નામ. જીલ્લા કલેકટર સાહેબનું ધ્યાન દોરવામાં આવેલ હતુ.

૪. આમ છતાં તહોમતદાર દ્વારા અમારી ઉપરોકત અરજી અનુસંધાને તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ માનનીય કલેકટર સાહેબ, પોરબંદરને ઉદેશીને એક અરજી આપવામાં આવેલી જે અરજીના પેઈજ નં.(૪) પર તહોમતદાર દ્વારા અમોના નામજોગ પેઈજ નં.(૪) પર ત્રીજા પૅરેગ્રાફમાં નામજોગ ''(૧) **કિશોર કેશુ મકવાણા જે છાંયા વણકરવાસમાં રહે છે અને સરકારશ્રીને ગેરમાર્ગે દોરી રહયા છે"** તેવુ જણાવી અને બે પૅરેગ્રાફ અમારી વિરૂધ્ધ અમારી સમાજમાં વકીલ તરીકેની પ્રતિષ્ઠા અને અમારા સમાજમાં અમારી એક આગેવાન તરીકેની પ્રતિષ્ઠાને હાની થાય તે મુજબની હકિકતો તદન ખોટી અને ઉપજાવી કાઢેલી લખવામાં આવેલ છે અને તે સંજોગોમાં તે પેઈજ નં. (૪) અને પેઈજ નં. (૫) ની શરૂઆતમાં જે હકિકતો અમારી વિરૂધ્ધ લખવામાં આવેલ છે જેનાથી અમારી પ્રતિષ્ઠાને ખુબ જ હાની થયેલ છે. તેટલુ જ નહી પરંતુ સમાજમાં અમારી પ્રતિષ્ઠાને નુકશાન થયેલ છે અને તે રીતે તહોમતદાર દ્વારા ઈરાદા પુર્વક અમારી વિરૂધ્ધ ખોટી અરજી કરી અને અમારી પ્રતિષ્ઠાને હાની પહોંચાડી અમારી બદનક્ષી કરેલ છે અને તે બદનક્ષીને સબંધે તહોમતદારે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૬ ની જોગવાઈઓ મુજબનો ગુન્હો કરેલ હોય તેવુ પ્રથમ દર્શને ફલીત થાય છે.

૫. આમ છતાં તહોમતદાર સાથેના આગેવાન તરીકેના સંબધો તેમજ તહોમતદાર અમારી જ્ઞાતિના આગેવાન હોય તેથી તેઓની સામે કાર્યવાહી કરતા પહેલા તેઓને એક તક આપવાના ઈરાદે તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ નોટીસ કરી અમારી બદનક્ષી સબંધે માફી માંગી અમારી વિરૂધ્ધની અરજી પરત ખેંચવાની સુચના આપેલી જે નોટીસ તહોમતદારને મળી જતા તહોમતદાર દ્વારા અમારી નોટીસ અમલવારી કરવાને બદલે નોટીસનો તદન ખોટો અને ઉડાવ જવાબ આપી અમોને દબાવવાના પ્રયત્ન કરેલ છે અને તેથી હાલની આ ફરીયાદ કરવા કારણ ઉત્પન્ન થયેલ છે.

૬. તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશન બી. અરજી નં.૧૨૭/૨૦૨૫ થી ફરીયાદ દાખલ કરેલ હતી જેમાં તપાસ અધિકારી સાહેબશ્રીએ જણાવેલ કે, નામ. કોર્ટમાં પ્રાઈવેટ ફરીયાદ તથા દાવો દાખલ કરી શકાય જેથી અમારી ફરીયાદ ફાઈલે કરેલ જેની સમન્સ યાદી અમોને આપેલ જેની ખરી નકલ દસ્તાવેજી પુરાવા સાથે સામેલ રાખેલ છે.

૭. જેથી હાલની ફરીયાદ અરજી લાવી અરજ કરવાની કે,

(૧) આ કામના તહોમતદાર વિરૂધ્ધ અમારી કરેલ બદનક્ષી સબંધે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૬ મુજબની કાર્યવાહી કરી સખ્ત નસીયત કરવા મે. કરશો.

(૨) બીજી જેજે અન્ય દાદ કાયદા તથા હકિકત મળી શકતી તમામ દાદો અપાવવા અરજ છે.'

**(૨)** અરજદારે તેમની ફરિયાદના અનુસંધાને નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

(૧) ફરીયાદીએ તા. ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ કલેકટર સાહેબશ્રી, પોરબંદરને કરેલ અરજીની ઝેરોક્ષ નકલ.

(૨) દૈનિક સંદેશ ન્યુઝમાં તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ આપેલ પ્રસિધ્ધની ઝેરોક્ષ નકલ.

(૩) ખબર જગત ન્યુઝમાં તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ આપેલ પ્રસિધ્ધની ઝેરોક્ષ નકલ.

(૪) ખબર જગત ન્યુઝમાં તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ આપેલ પ્રસિધ્ધની ઝેરોક્ષ નકલ.

(૫) તહોમતદારે તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ કલેકટરશ્રી, પોરબંદરમાં ફરિયાદી વિરૂધ્ધ કરેલ અરજીની ઝેરોક્ષ નકલ.

(૬) ફરીયાદીએ તહોમતદારને તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ કરેલ નોટીસની ઝેરોક્ષ નકલ.

(૭) ફરીયાદીએ તહોમતદારને કરેલ નોટીસ બજી ગયાનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ.

(૮) તહોમતદારને ફરિયાદીની નોટીસ મળ્યા બાદ તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ જવાબ આપેલ તે ઝેરોક્ષ નકલ.

(૯) તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશન બી. અરજી નં.૧૨૭/૨૦૨૫ થી ફરીયાદ દાખલ કરેલ તેની ઝેરોક્ષ નકલ.

(૧૦) તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશન બી. અરજી નં.૧૨૭/૨૦૨૫ ના કામમાં સમન્સ યાદી તા. ૨૩/૦૪/૨૦૨૫ ની ખરી નકલની ઝેરોક્ષ.

(૧૧) ફરિયાદીના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ.

**(૩)** ફરીયાદીની ફરીયાદને ધ્યાને લેતાં ફરીયાદી દવારા મુખ્યત્વે આ કામે સામાવાળા રાણાભાઈ કારાભાઈ શિંગરખીયાનાઓએ તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ જીલ્લા કલેકટરશ્રી, પોરબંદરને કરેલ લેખીત ફરીયાદમાં જણાવેલ વિગતો અનુસંધાને હાલની ફરીયાદ કરવામાં આવેલ છે પરંતુ રાણાભાઈ કારાભાઈ શિંગરખીયાનાઓએ કલેકટરશ્રીને કરેલ ઉપરોકત ફરીયાદ વંચાણે લેતાં તેમા જણાવેલ હકીકતો તથા આક્ષેપોનો સમાવેશ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૬ ના અપવાદ ક્રમાંક–૦૮ માં થતો હોય ફરીયાદીની હાલની ફરીયાદ લગત ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૬ મુજબનો ગુન્હો બનતો હોવાનું જણાતું ન હોય ફરીયાદીની ફરીયાદ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

ફરિયાદીની ફરિયાદ નામંજુર એટલે કે રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(કે.આર.રાઠોડ)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.
(કોડ નં.જી.જે.૦૧૧૨૯)